# ચડોતર હાઈસ્કુલના સંચાલકો સાથે આનંદીબેન પટેલની બેઠક

### ઉત્તરપ્રદેશના રાજ્યપાલ પાલનપુરના ચડોતરની એજ્યુકેશન ટ્રસ્ટમાં ટ્રસ્ટી છે

પાલનપુર તાલુકાના ચડોતર ખાતે વીમળાબેન સારાભાઈ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત શ્રી સર્વ



નિકેતન વિધાલયની મંગળવારે ઉત્તરપ્રદેશના રાજ્યપાલ આનંદીબેન પટેલે મુલાકાત લીધી હતી. તેમણે ટ્રસ્ટના સંચાલક મંડળ સાથે બેઠક કરી અભ્યાસ અંગે ચર્ચા- વિચારણ કરી હતી.

પાલનપુર તાલુકાના ચડોતર ખાતે વીમળાબેન સારાભાઈ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત શ્રી સર્વ નિકેતન વિધાલય કાર્યરત છે. જેના સંચાલકો ચડોતરના વતની શરદભાઈ શાહ અને અમરભાઈ શાહ અમેરિકા સ્થાયી થયા છે. દરમિયાન પોતાની માતાના નામે ચાલતી આ વિધાલયમાં અભ્યાસ કરતાં બાળકો આગળ વધે તેમને સારૂ માર્ગદર્શન મળી રહે તે માટે તેમણે ઉત્તરપ્રદેશના રાજ્યપાલ તેમજ ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી આનંદીબેન પટેલને ટ્રસ્ટમાં ટ્રસ્ટી તરીકે નિમ્યા છે. આ પ્રસંગે આનંદીબેન પટેલે મંગળવારે હાઈસ્કુલની મુલાકાત લીધી હતી. અને ટ્રસ્ટના સંચાલક મંડળના સભ્યો સાથે બેઠક યોજી શિક્ષણ અંગે ચર્ચા-વિચારણા કરી હતી.

# ટીંટોઈ-અમદાવાદ વાયા મેઢાસણ એસટી બસના સમયમાં ફેરફાર કરવા માંગ

મોડાસા, તા. ૨૪

અરવલ્લી જીલ્લાના અંતરિયાળ વિસ્તારોમાં એસટી બસની પૂરતી સુવિધા ન હોવાથી બાળકોએ ખાનગી વાહનો મારફતે ઉપડાઉન કરી અભ્યાસ કરવા મજબુર બનવું પડતું હોય છે. કેટલાક બાળકો પરિવહનની સુવિધાના અભાવે અભ્યાસ અધૂરો છોડી દેતા હોય છે. મોડાસા એસટી ડેપોની ટીંટોઈ-અમદાવાદ વાયા મેઢાસણ એસટી બસના સાંજના સમયમાં ફેરફાર કરવામાં આવેની માંગ મેઢાસણ હાઈસ્કૂલના આચાર્યએ મોડાસા ડેપો મેનેજરને લેખિત રજુઆત કરી હતી.

મેઢાસણ હાઈસ્કૂલના આચાર્યએ શાળામાં અભ્યાસ કરતા બાળકો માટે મોડાસા એસટી ડેપો સંચાલિત ટીંટોઈ-અમદાવાદ એસટી બસ સાંજના મેઢાસણ ગામમાં ૪.૪૫ વાગે પહોંચે છે જેના સમયમાં ફેરફાર કરી સાંજના ૫.૧૦ પછી કરવામાં આવે તો હાઈસ્કૂલમાં અભ્યાસ કરતા મડાસણા, કાબોલા, વાંટડા, ખુમાપુર, લીંભોઈ, ઈટાડીથી અભ્યાસ કરતા બાળકોને બસની સુવિધાનો લાભ મળે જેથી ટીંટોઈ-અમદાવાદ બસના સમયમાં ફેરફાર કરવા લેખિત રજુઆત કરી હતી. અન્ય કોઈ એસટી બસનો વિકલ્પ ન હોવાથી વિદ્યાર્થીઓ ઘરે પહોંચતા મોડું થઈ જતું હોવાનો ઉલ્લેખ પણ કર્યો હતો.

પ્રજાજનો માટે એસટી બસના પ્રશ્નો સામે લડત ચલાવતા જયેશ કામરેજના જણાવ્યા અનુસાર ટીંટોઈ-અમદાવાદ એસટી બસ મેઢાસણ ગામે સાંજના ૪.૪૫ ની આસપાસ પહોંચતી હોવાથી હાઈસ્કૂલમાં અભ્યાસ કરતા આજુબાજુના ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓ બસ સમયસર પકડવા માટે એક તાસ ગુમાવવો પડતો હોવાથી વિદ્યાર્થીઓના અભ્યાસ પર અસર પડતી હોવાથી બસના સમયમાં ફેરફાર કરવો જરૂરી છે.

# વડગામ તાલુકા માલધારી વિકાસ સંગઠન દ્વારા ગામડાઓ માં ગૌચરનુ દબાણ દૂર કરવા મામલતદાર ને કરાઈ રજૂઆત

### ગૌચર ના દબાણ દુર કરી માલધારી ઓ ને ફાળવવામાં આવે તેવી માંગ કરાઇ

વડગામ,

વડગામ તાલુકાના માલધારી



સમાજ વિકાસ સંગઠન દ્વારા તાલુકા ગામોમાં જે લોકોએ ગૌચર નું દબાણ કર્યું છે.તે દબાણ દૂર કરવા માં આવે તે માટે બુધવારે વડગામ મામલતદાર આર.સી.ઠાકોર ને લેખિત રજૂઆત કરી હતી

માલધારી વિકાસ સંગઠન ગુજરાત ના પ્રતિનિધિ મંડળે મામલતદારશ્રી વડગામ ને રૂબરૂ માં મળી વડગામ તાલુકા માં ગૌચર ના દબાણ દુર કરી માલધારી ઓ ને ફાળવવામાં આવે તેવી માંગણી કરી છે. અને હાલના સમયમાં અમારા માલધારી સમાજ દ્વારા જે ગાયો ક્યાં ચરાવવી તે એક મોટો સવાલ ઉભો થયો છે. અને દિવસે દિવસે લોકો જે ખાલી જમીન પડી છે તેને પોતાના ખેતરમાં ભેળવી ફેન્સિંગ તારની વાડ કરી નાખે છે.

જેને લઈ માલધારી સમાજ પોતાની ગાયો ચરાવવા માટેની ચિંતાને વારંવાર સરકારને રજુઆતો કરવામાં આવી છે.આજે પણ વડગામ તાલુકાના માલધારી વિકાસ સંગઠન દ્વારા વડગામ મામલતદારને ગામોનું દબાણ દૂર કરવા લેખિત અને રજૂઆત કરવામાં આવી છે.અને આં દબાણ દુર કરી માલધારી ઓ ને ફાળવવામાં આવે તેવી માંગણી હતી.

# ઐશ્વર્યા મજમુદાર, અરવિંદ વેગડા ભાજપમાં જોડાયા

### ભાજપના પ્રદેશ પ્રમુખ વાઘાણી દ્વારા અમદાવાદ જિલ્લા ભાજપ કાર્યાલય ખાતે ગુજરાતી કલાકારોનું સન્માન કરાયુ



અમદાવાદ, તા.૨૪

લોકગાયિકા કિંજલ દવે ભાજપમાં જોડાઈ છે, ત્યારે આજે ગુજરાતના લોક સંગીત સાથે સંકળાયેલ અને લોકપ્રિય ગરબા કવીન ઐશ્વર્યા મજમુદાર, ભાઈ ભાઈ ફેમ અરવિંદ વેગડા સહિતના કેટલાક વધુ ગુજરાતી કલાકારો ભાજપમાં જોડાઈ ગયા હતા. ભાજપના પ્રદેશ પ્રમુખ જીતુ વાઘાણીએ આ તમામ કલાકારોને ભાજપનો કેસરિયો ખેસ પહેરાવી તેમનું પક્ષમાં સ્વાગત કર્યું હતુ અને આજે એસજી હાઈવે પર રાજપથ કલબ સામે આવેલા અમદાવાદ જિલ્લા ભાજપ કાર્યાલય ખાતે ગુજરાતી કલાકારોનું સન્માન પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ભાજપના પ્રદેશ પ્રમુખ જીતુ વાઘાણીએ જણાવ્યું હતું કે, ગરબા ક્વિન ઐશ્વર્યા મજમુદાર, ચાર ચાર બંગડી ફેમ કિંજલ દવે, ભાઈ ભાઈ માટે જાણીતા અરવિંદ વેગડા, સૌરભ રાજ્યગુરૂ સહિતના ગુજરાતી કલાકારો ભાજપમાં જોડાયા તેનું મને ગર્વ છે. આગામી દિવસોમાં વધુ ને વધુ લોકો ભાજપમાં કાર્યકર તરીકે જોડાશે અને પક્ષની કાર્યકર નોંધણી ઝુંબેશને સફળ બનાવશે. આ ગુજરાતી કલાકારોએ માત્ર ગુજરાત જ નહી પરંતુ દેશ અને વિદેશમાં તેમના ગીત-સંગીત અને પ્રતિભાથી ગુજરાતનું નામ રોશન કર્યું છે અને એક ગુજરાતી તરીકે આપણા સૌનું ગૌરવ વધાર્યું છે ત્યારે આવા ગુજરાતી કલાકારોને પક્ષમાં આવકારતાં મને ઘણો આનંદ થાય છે. આજના પ્રસંગે ભાજપના પ્રદેશ પ્રવકતા ભરત પંડયા સહિતના મહાનુભાવો પણ ખાસ હાજર રહ્યા હતા અને તેઓએ ગુજરાતી કલાકારોને પક્ષમાં ઉમળકાભેર આવકાર આપ્યો હતો. ભારતીય જનતા પાર્ટીમાં વધુને વધુ સેલિબ્રિટીઓ સામેલ થઈ રહી છે. હાલમાં યોજાયેલી લોકસભાની ચૂંટણીમાં પાર્ટીની શાનદાર જીત થયા બાદ ભારતીય જનતા પાર્ટીમાં જુદા જુદા સમુદાયના લોકો ઝડપથી એન્ટ્રી કરી રહ્યા છે. આ સિલસિલો હજુ જારી રહે તેવી સંભાવના છે.

# વડગામમાં યુવકને મારી નાખવાની ધમકી અપાતાં પોલીસ ફરિયાદ

વડગામ, તા. ૨૪

વડગામમાં એક યુવકને સામાજિક બાબતે વડગામના કરનાળા ગામના પ્રવિણભાઈ લોહ દ્વારા ફોન ઉપર મારી નાખવાની ધમકી અપાઇ હોવાની તેમજ પરખડી ગામના દીલીપભાઈ હરીભાઈ હેમરાજભાઈ વળાગોઠ અને પારપડાના કાનજીભાઈ ધુળીયા આ બે શખ્સો મદદગારી કરીને ગુનો કરાયાની ફરીયાદ વડગામ પોલીસ મથકે નોંધાવા પામી છે.

વડગામ પોલીસ મથકે નોંધાયેલ ફરિયાદ અનુસંધાને પાલનપુર આર.ટી.ઓ. ચેકપોસ્ટ પાછળ રૂપપુરાના મુળ રહેવાસી અને હાલમાં વડગામના એક ફાર્મહાઉસમાં રહેતાં મહેશભાઈ દેવાભાઈ લોહના લગ્ન પાલનપુર તાલુકાના લુણવા ગામમાં રહેતા કાનજીભાઈ લક્ષ્મણભાઈ ભુતીયાની પુત્રી સાથે સામાજીક રિતરીવાજ મુજબ કરવામાં આવ્યા હતા. તેઓના સુખી લગ્નજીવન દરમિયાન ત્રણ વર્ષનો એક દિકરો પણ છે પરંતુ સમય જતાં ફરિયાદીના સસરા ફરિયાદી પાસે નાણાંકીય અપેક્ષાઓ વધુ રાખતા હોય તેમને નાણાં આપવાની ના પાડતાં ફરિયાદીના સસરા કાનજીભાઈ લક્ષ્મણભાઈ ભુતડીયા ફરિયાદીની પત્નીને લઈ જઈને ગોંધી રાખી છે અને છુટાછેડા આપ્યા વગર જ પરખડી ગામમાં વળાવવાની પેરવી કરાતાં ફરિયાદી દ્વારા આ બાબતે પરખડીના દિલીપભાઈને સાચી હકીકતી વાકેફ કરીને તેમની પત્નીને ન લઈ જવા આજીજી કરાઈ હતી. જેથી દિલીપભાઈએ કરનાળામાં રહેતા પ્રવિણભાઈ લોહને આ બાબતની જાણ કરતાં રાત્રીના સમયે પ્રવિણભાઈ દ્વારા મહેશભાઈને મોબાઈલ ફોન ઉપર મારી નાખવાની ધમકી અપાઈ હતી અને પાલનપુર બોલાવીને મારી નાખે તેવો ભય ફરિયાદમાં વ્યકત કરાયાની ફરીયાદ વડગામ પોલીસ મથકે નોંધાવા પામી છે.

# બનાસ ડેરી દ્વારા પશુપાલકોને દૂધના ભાવમાં કિલોફેટે રૂ. ૧૫નો વધારો

પાલનપુર, તા. ૨૪

બનાસ ડેરી દ્વારા ડીસા નજીક દૂધ મંડળીઓનાં ચેરમેન-મંત્રીઓની ચિંતન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં બનાસ ડેરીનાં નિયામક મંડળનાં યુરોપ પ્રવાસ દરમ્યાન ખેતી-પશુપાલન સબંધિત જે નવીન ટેકનોલોજી તથા વ્યવસ્થાપનની જાણકારી તેઓએ મેળવી હતી તેનાથી સૌને અવગત કરવામાં આવ્યાં હતા. આ ઉપરાંત બનાસકાંઠામાં ૧૦ વર્ષમાં ૧૦ કરોડ વૃક્ષોનો ઉછેર કરવાના સંકલ્પ પર આગળ વધવા દૂધ મંડળીઓનાં ચેરમેન-મંત્રીઓ પણ આ પુણ્યકાજનાં વાહક બને તે માટે ડેરી દ્વારા તૈયાર કરવામાં આવેલી વ્યવસ્થાઓની રૂપરેખાથી સૌને અવગત કરવામાં આવ્યા હતા.

પોતાના પ્રાસંગિક પ્રવચનમાં ડેરીના ચેરમેન શંકરભાઈ ચૌધરીએ નિયામક મંડળનાં વિદેશ પ્રવાસમાંથી મળેલી નવી માહિતી કે જેનું અમલીકરણ બનાસકાંઠામાં પણ શક્ય છે તેવી બાબતોથી સૌને અવગત કર્યા હતા. યુરોપનાં દેશોની આવી પ્રેરણાદાયી બાબતો આપણા જિલ્લાનાં અર્થતંત્રને વધુ બળ આપે તેવી હોઈ વૈશ્વિક પ્રવાહો અને દૂધના વ્યવસાયનાં ભવિષ્યને ધ્યાને લઈ આ નવીન વિચારોનાં અમલીકરણ બાબતે ભવિષ્યમાં સંગીન પ્રયાસો કરવામાં આવશે તેવું ચેરમેને ઉમેર્યું હતું. વધુમાં ચેરમને પશુઓની સંખ્યા વધારવાના સ્થાને પશુદીઠ દૂધ ઉત્પાદન વધે તે બાબત તરફ આપણે સૌએ ધ્યાન આપવું પડશે તેમ જણાવ્યું હતું. દૂધનું ઉત્પાદન વધારવા જીનેટિક મોડિફિકેશન, વિદેશની સંસ્થાઓ સાથે જોડાણ, ટેકનોલોજી અપગ્રેડેશન, બીજદાન અને ઓછા પાણીના વપરાશથી પોષક ઘાસની ખેતી, ગોબર ગેસ પ્લાન્ટ જેવા વિવિધ પ્રોજેક્ટ્સમાં આગળ વધવા માટે પ્રવાસ દરમ્યાન થયેલી ચર્ચાઓ ફળદાયી નીવડશે તેવો આશાવાદ તેઓએ વ્યક્ત કર્યો હતા.

વધુમાં યુરોપનાં દેશોના નાગરીકોનો સહજ નિરાભિમાની સ્વભાવ અને મોટી વયે પણ રાષ્ટ્રભાવ સાથે નાત-જાતનાં ભેદ વગર સતત પરિશ્રમ કરવાનો ગુણ ખૂબ પ્રેરણાદાયી હોવાનું ચેરમેને જણાવ્યું હતું. આ ઉપરાંત ચેરમેન શંકરભાઈ ચૌધરીએ પશુપાલકોને આનંદના સમાચાર આપ્યા હતા, તેઓએ દૂધના ભાવમાં રૂ. ૧૫નો વધારો અહીં જાહેર કરતાં દૂધ મંડળીઓના ચેરમેન-મંત્રીઓએ હર્ષભેર તેને તાળીઓથી વધાવી લીધેલ.



# ખેડબ્રહ્મામાં બોલેરો ગાડીઓ ટકરતા એક ઘાયલ

ખેડબ્રહ્મા શહેરમાં અકસ્માતના બનાવો વધી રહયા છે. શહેરના શીત કેન્દ્ર નજીક બુધવારે બોલેરો લોડિંગ અને બોલેરો જીપ વચ્ચે અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં બોલેરો ચાલક ગંભીર રીતે ઘવાતા તેને તાત્કાલિક સારવાર અર્થે ખેડબ્રહ્મા જનરલ હોસ્પિટલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. ઘટનાને પગલે લોકોના ટોળેટોળા ઉમટી પડયા હતા. ખેડબ્રહ્મા શહેરના શીત કેન્દ્ર નજીક બુધવારે સવારે અંદરથી હાઈવે પર રોડ ક્રોસ કરી રહેલ એક બોલેરો લોડિંગ ગાડી ન. જી.જે.૯.ઝેડ.૭૭૪૬ ને ઇડર તરફથી આવતી બોલેરો જીપ ન. જી.જે.૧.કેપિ.૧૧૪૩ ના ચાલકે ટક્કર મારી સંતુલન ગુમાવતા નીચે ચોકડીમાં ઉત્તરી પડી હતી જેથી બોલેરોના ચાલક મકવાણા ચંદુભાઈને ઈજાઓ પહોંચતા તેને તાત્કાલિક સારવાર અર્થે ખેડબ્રહ્મા જનરલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો

# રાજ્યમાં ૪.૫ લાખ પેન્શનરોને પેન્શન અને નિવૃતિના લાભ અપાયા

### સરકારના કર્મચારી-અધિકારીઓના પગારો તેમજ પેન્શન પેટે પ્રતિમાસ ચાર હજાર કરોડથી વધારે રકમની ચુકવણી

ગાંધીનગર,તા.૨૪

નાયબ મુખ્યમંત્રી અને નાણા મંત્રી નીતિન પટેલે જણાવ્યુ છે કે, રાજ્ય સરકારના શ્રેષ્ઠ નાણાકીય વ્યવસ્થાપન અને શ્રેષ્ઠ નાણાકીય શિસ્ત પાલન થકી ગુજરાતની વિકાસયાત્રા હાથ ધરી છે જેના પરિણામે છેલ્લા ૧૫ વર્ષથી એક પણ વાર રાજ્ય સરકારે ઓવરડ્રાફ્ટ કે સાધનપાય પેશગી લીધી નથી. જે માત્રને માત્ર રાજ્ય સરકારની દીર્ધદ્રષ્ટિ, સમયબધ્ધ આયોજન અને ટીમ ગુજરાતના સૌ સભ્યોને પરિણામે શક્ય બન્યું છે. આ કારણથી જ છેલ્લા ઘણા વર્ષોથી ગુજરાત દેશનું રોલ મોડેલ પુરવાર થઈ રહ્યું છે. વિધાનસભા ખાતે આજે નાણા વિભાગની ૫૮૦૭૪ની અંદાજપત્રીય માંગણીઓ રજુ કરતાં નાયબ મુખ્યમંત્રી પટેલે ઉમેર્યુ કે, આ વર્ષનું અંદાજપત્ર ૨,૦૪,૮૧૫ કરોડનું છે તેમાં ૨૮૫ કરોડની એકંદર પુરાંત તથા રૂ.૨૮૭૪ કરોડની મહેસૂલી પુરાંત દર્શાવાઇ છે જેમાં વિકાસલક્ષી ખર્ચ ૫૫ % ની ફાળવણી માત્ર સામાજીક સેવાઓ માટે કરાઇ છે. રાજ્યનું દેવુ નિયમાનુસારની મર્યાદામાં રહેવા પામ્યુ છે. રાજ્ય સરકારની નીતિના પરિણામે જીએસડીપીની સાપેક્ષમાં દેવાનું પ્રમાણ ઉત્તરોત્તર ઘટતુ રહ્યું છે. રાજ્ય સરકારે દેવાની ચુકવણીમાં ક્યારેય ચુક કરી નથી. રાજ્ય સરકારના નાણાકીય શિસ્તના પરિણામે દેવુ, રાજ્યનું એકંદરે ઘરગથ્થુ ઉત્પાદન તથા જાહેર દેવા પર વ્યાજની ચુકવણી સામે મહેસૂલી આવકનું પ્રમાણ સારી રીતે જળવાઈ રહ્યું છે.

## વરસાદ આવશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રહ્યા છે. આકરી ગરમી અને ઉકળાટના લીધે શહેરનુ જનજીવન પણ પ્રભાવિત છે. ત્યારે સૌ કોઈની નજર મેઘરાજા મહેરબાન થાય તે તરફ મંડરાઈ છે. પરંતુ વરસાદ હવે બહુ દુર નથી. રાજયના હવામાન વિભાગના જણાંવ્યા મુજબ આગામી તા ૨૮ જુલાઈથી પાંચ દિવસ ભારે વરસાદ વરસશે. સૌરાષ્ટ્ અને દક્ષિણ ગુજરાત સહીત રાજયભરમાં વરસાદ વરસતા સાર્વત્રિક ઠંડકનુ મોજુ ફરી વળશે. હવામાન વિભાગના જણાંવ્યા મુજબ તા ૨૮ જુલાઈથી રાજયમાં ભારે વરસાદ વરસશે. તા ૨૮ થી ૩૦ દરમિયાન ભારે વરસાદ થશે. હવામાન વિભાગે ભારે વરસાદના લીધે નાગરિકોને સાવચેત રહેવા પણ જણાંવ્યુ છે. જયારે દરીયાકીનારાના વિસ્તારમાં માછીમારોને દરિયો ન ખડેવા પણ સુચવ્યુ છે. રાજયમાં અત્યાર સુધી સિઝનનો ૨૮ ટકા વરસાદ થયો છે. જયારે પાટનગરમાં હજુ મેઘરાજા રીસાયેલા છે. ત્યારે અસહ્ય ગરમી અને ઉકળાટથી ત્રસ્ત જનજીવન હવે માત્ર વરસાદ આવે તે માટે પ્રાર્થના કરી રહ્યા છે. પરંતુ હવામાન વિભાગની આ આગાહી મુજબ આગામી સપ્તાહમાં વરસાદ મનમુકીને વરસશે ભારે વરસાદના લીધે ચોમેર પાણી પાણી થઈ જશે. બસ હવે વરસાદ બહુ દુર નથી તેવા સંકેતો હવામાન વિભાગ તરફથી મળ્યા છે. હવામાન વિભાગે રાજયમાં આગામી તા ૨૮ જુલાઈથી પાંચ દિવસ માટે ભારે વરસાદ વરસશે તેવી આગાહી પણ કરી છે. જયારે જાણીતા હવામાન શાસ્ત્રી અંબાલાલ પટેલે પણ આગામી તા ૨૬ જુલાઈથી વરસાદના સારા યોગ હોવાની સાથે મેઘરાજા મન મુકીને વરસશે તેમ જણાંવ્યુ છે. ગાંધીનગરમાં છેલ્લા એક મહીનાથી વરસાદી વાદળો ગોરંભાય છે પરંતુ મેઘરાજા મહેરબાન થતા નથી જેના લીધે હાલ છેલ્લા ઘણાં સમયથી શહેરનુ જનજીવન આકરા બફારા અને ઉકળાટની ગિરફતમાં છે. ત્યારે વરસાદના સારા સમાચારથી નગરજનોમાં હાલ આનંદોની લાગણી પ્રવર્તી છે.

## સમય બદલી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પ્રમાણ સવિશેષ વધી ગયુ છે. જયારે શાળાના વર્ગખંડોમાં પણ વિદ્યાર્થીઓ આકરી ગરમીથી ત્રાહીમામ પોકારી ગયા છે. આકરી ગરમીમાં અભ્યાસ અને રસ રૂચિ રાખી શકતા નથી. આવા સંજોગોમાં શિક્ષણ મેળવવાનુ કામ પણ મુશ્કેલ બન્યુ છે. જયાં સુધી સારો વરસાદ ન થાય ત્યાં સુધી પ્રાથમિક શાળાઓનો સમય સવારનો કરવામાં આવે તેવી પણ માંગ પણ વાલીઓમાં ઉઠવા પામી છે. સવારની ઠંડા અને ખુશનુમા વાતારવણમાં બાળકો શિક્ષણ પ્રત્યે ધ્યાન કેન્દ્રીત કરી શકે તે મુજબની વ્યવસ્થા ગોઠવાય તે માટે પણ શિક્ષક સંઘના મહામંત્રી જગદીશ પટેલે પ્રાથમિક શિક્ષણાધિકારીને રજુઆતમાં જણાવાયુ છે.

## વિધાનસભામાં...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

૨૦૧૮-૧૯ માં જિલ્લામાંથી વિકસતી જાતિના કેટલા લાભાર્થીઓની અરજી મળી તેવા પ્રશ્નના જવાબમાં ન્યાય અધિકારીતા મંત્રીએ જણાંવ્યા મુજબ આ યોજના અન્વયે ૬૮૫ અરજી મળી છે. જયારે આ પૈકી ૫૧૧ અરજી મંજુર કરવામાં આવી છે. જયારે આ યોજના અન્વયે ૨૬૦.૮૦ લાખની સહાય ચુકવવામાં આવી છે.

**ઘરથાળના પ્લોટ સંદર્ભે ૧૦૦ લાભાર્થીઓને સનદ નહીં**

ગાંધીનગર જિલ્લામાં લેન્ડ કમિટીએ ઘરથાળના પ્લોટ મંજુર કર્યા હોય છતા સ્થળ પર કબજો અને સનદ ન સોંપવામાં આવ્યા હોય તેવા કેટલા લાભાર્થીઓ છે તેવા પ્રશ્નના જવાબમાં જણાવાયા મુજબ ગાંધીનગર જિલ્લામાં ઘરથાળાના પ્લોટ મંજુર થયા હોય અને સ્થળ પર કબજો અને સનદ ન સોંપાયો હોય તેવા ૧૦૦ કિસ્સા છે. જયારે લાભાર્થીઓ સનદ લેવા માંગતા ન હોવા ઉપરાંત બહારગામ હોય તેવા કિસ્સામાં તેમજ સ્થળ ચકાસણી બાકી હોય અગર લાભાર્થી પ્લોટ લેવા માટે સહમત ન હોય તેવા કારણોસર પ્લોટનો કબજો કે સનદ સોંપી શકાઈ નથી.

## જળબંબાકાર

● અનુસંધાન પહેલાનું ચાલુ

મીમી વરસાદ થાય છે. જયારે આઠમી જુલાઈ સુધીમાં ૭૦૮ મીમીથી વધારે વરસાદ થઈ ચુક્યો છે. જુન મહિનાની વાત કરવામાં આવે તો ૨૨૭૨ મીમી વરસાદની તુલનામાં ૧૩૧૫ મીમી વરસાદ એટલે કે ૫૭ ટકા વરસાદ થયો છે.મુંબઈમાં વાર્ષિક સરેરાશ ૨૫૧૫ મીમી વરસાદ થાય છે. જે કુલ વરસાદનો ૫૨ ટકા હિસ્સો છે. વરસાદ સંબંધિત જુદી જુદી ઘટનાઓમાં આઠ લોકો ઘાયલ થયા છે. હિંદમાતા વિસ્તારમાં ઘુંટણ સુધીના પાણી ભરાઈ ગયા છે. સાયન રોડ ઉપર પણ ચારેબાજુ પાણી ભરાઈ ગયા હતા. ભારે વરસાદના કારણે વિજિબીલીટી ઘટી ગઈ છે જેના લીધે આજે સવારે અનેક વાહનો ટકરાયા હતા. મુંબઈ શહેરમાં વાર્ષિક સરેરાશ ૨૫૧૫ મીમી વરસાદ થાય છે જે પૈકી આ વખતે હજુ સુધી ૫૨ ટકા વરસાદ થઈ ચુક્યો છે.

## એન્ટી ટેરર બિલ

● અનુસંધાન પહેલાનું ચાલુ

આપી હતી. અમિત શાહે આતંકવાદી યાસીન ભટકલનો દાખલો આપતા કહ્યું હતું કે, એનઆઈએ દ્વારા તેના સંગઠન ઈન્ડિયન મુઝાહિદ્દીનને આતંકવાદી સંગઠન જાહેર કર્યો હતો પરંતુ ભટકલને આતંકવાદી જાહેર કરવા માટે કાયદામાં કોઇ જોગવાઈ ન હતી. ગૃહમંત્રીએ કહ્યું હતું કે, આનો લાભ ઉઠાવીને ભટકલે ૧૨ આતંકવાદી હુમલાઓને અંજામ આપ્યા હતા. સુધારવામાં આવેલા કાયદા હેઠળ આતંકવાદી સંગઠનો અથવા તો આતંકવાદીઓની સંપત્તિ જપ્ત કરવામાં આવશે. આના માટે તપાસ અધિકારીને સંબંધિત રાજ્યના ડીજીપીના પૂર્વ મંજુરીની જરૂર રહેશે. જો મામલાની તપાસ એનઆઈએના કોઈ અધિકારી કરે છે તો સંબંધિત સંપત્તિને જપ્ત કરવા માટે સંબંધિત રાજ્યના ડીજીપીની મંજુરી લેવાની જરૂર પડશે નહીં. આના માટે એનઆઈએના મહાનિર્દેશકની મંજુરી મેળવવાની રહેશે.

## કબલાતનામું

● અનુસંધાન પહેલાનું ચાલુ

વાસ્તવિક સ્થિતીથી વાકેફ કરવામાં આવ્યા ન હતા. તેઓ પોતાની સરકારને આના માટે જવાબદાર ગણે છે. ઈમરાને કહ્યુ હતુ કે તેમના દેશમાં છેલ્લા ૧૫ વર્ષમાં સરકારોએ માહિતી આપી ન હતી. પાકિસ્તાનમાં જુદા જુદા ૪૦ ત્રાસવાદી સંગઠનો સક્રિય હતા. અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને અમેરિકી નેતાઓને મળીને તેઓ ખુશ છે. અનેક માહિતીની આપલે થઈ છે. પાકિસ્તાની વડાપ્રધાને આ નિવેદન કરીને અમેરિકાની સાથે સાથે વિશ્વના દેશોને ફરી એકવાર ગેરમાર્ગે દોર્યા છે. પાકિસ્તાન હમેશા કહે છે કે ત્રાસવાદ સામે લડાઈ ચાલી રહી છે પરંતુ તેમના પરિણામ તો હાંસલ થતા નથી.

## અંતરિક્ષમાં

● અનુસંધાન પહેલાનું ચાલુ

હતી કે આવનાર સમયમાં કારગીલ જેવી લડાઈ થશે નહીં. બલ્કે સ્પેસમાં લડાઈ થનાર છે. ભારતને આના માટે તૈયાર રહેવુ પડશે. આમાં કઈ રીતે આગળ વધવામાં આવે તે દિશામાં સતત પહેલ કરવામાં આવી રહી છે. હજુ અમે ક્યાં છીએ અને ક્યા ગેપ છે તેને લઈને આગળના રસ્તા તૈયાર કરવામાં આવી રહ્યા છે. આના માટે જ સ્પેસ વોરફેયર એક્સરસાઈઝ યોજનામાં આવી રહી છે. આની જવાબદારી ભારતની ત્રણેય સેના લઈ ચુકી છે.

## મનના ઉમંગો

● ચોથા પાનાનું ચાલુ

મોઝાર, અબળાને બદલે અબળ એવા શબ્દો પ્રાસમાં સિફતથી બેસાડી દીધા છે. છેલ્લે કહે છે જો "તન મન મારું શિવમય હોય તો તો થાવ પ્રગટ અંગાર, ભસ્મ કરી દો મને, થાય ભભૂતિ અને થાઉ હું શિવનો શ્રુંગાર." આટલું બોલે છે(બોલ બિભિહણ) ત્યાં તો તેમના અંગમાંથી અગ્નિનો ફુવારો ઊઠ્યો અને સતી બળીને ભસ્મ થઈ ગયાં. એ માટે પણ કેવો શબ્દપ્રયોગ કર્યો છે "ઊઠ્યો અગનફુવાર". શ્રી મનુભાઈના ભજનોની આ જ તો ખુબી છે. ખરું કહેજો આ ભજન તમારા ચિત્તને ઝકઝોળી દે તેવું છે કે નહીં.

## લાગણીનો મેળો

● ચોથા પાનાનું ચાલુ

રાજાને પણ આશ્ચર્ય થયું કે હું બધાને પગાર આપું છું પણ કોઈ પ્રધાન મને પગે લાગતા નથી અને આ સ્ત્રીને કેમ પગે લાગ્યા ?

રાજાએ પ્રધાનોને આ સ્ત્રી કોણ છે એમ પૂછતાં જ બધા પ્રધાનો એ જવાબ આપ્યો, 'રાજાજી, આ અમારા શિક્ષિકા બેન છે. અમે આ બહેન પાસે ભણેલા છીએ. આજે અમે જે કંઈ પણ છીએ એ બહેને આપેલા જ્ઞાનને કારણે જ છીએ.'

રાજાએ સિનિયર પ્રધાનની સામે જોઈને પૂછ્યું, 'મને સમજાઈ ગયું કે રાજયના વિકાસમાં સૌથી અગત્યનું યોગદાન કોનું છે? સાહિત્યકાર, કલાકાર, ઈજનેર, ડૉક્ટર કે ઉદ્યોગપતિ આ બધાનો રાજયની સુખાકારીમાં અમૂલ્ય ફાળો છે પણ આ બધાને ઘડવાનું કામ શિક્ષક કરે છે માટે શિક્ષકના સન્માનમાં આ તમામનું સન્માન આવી જાય.'

મિત્રો, આજે આપણે બધાને જે કંઈ છીએ એમાં આપણા પુરુષાર્થની સાથે શિક્ષકની પ્રેરણા પણ જવાબદાર છે. શિક્ષક સમાજને ઘડવાનું કામ કરે છે.

**સ્પર્શમણિ :** બાળકો માગે તે નહીં, તેમને ઘટે તે આપો.

● ● ●

બાળકો મહાન નિરીક્ષકો હોય છે, તમારી નાનામાં નાની ભૂલ પણ એ પકડી પાડે છે.

- rasikvaland1965@gmail.com • - 9913426949



# અમીરગઢ તાલુકાના ઝાંઝરવા આંગણવાડીમાં 'અન્નવિતરણ' દિવસની ઉજવણી કરાઇ

અમીરગઢ તાલુકાના ઝાંઝરવા આંગણવાડી ખાતે મહીનાના ચોથા મંગળવારના અન્નવિતરણ દિવસ ની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ઝાઝરવા આંગણવાડી માં આવતા તમામ લાભાર્થીઓને બોલાવી ને અન્નવિતરણ તેમજ બાલશક્તિ,પૂર્ણશક્તિ, માતૃશક્તિ નું વિતરણ આંગણવાડી કાર્યકર જ્યોત્સનાબેન ભવાની,તેમજ તેડાગર નવુબેન રબારી દ્વારા કરવામાં આવ્યું હતું.

# બનાસકાંઠાની ૭૭ માધ્યમિક શાળાઓમાં આચાર્યની ભરતીની પ્રક્રિયા હાથ ધરાઈ

### પ્રથમ દિવસે ૧૧ આચાર્યોને નિમણૂંક અપાઇ

સરહદી બનાસકાંઠા જિલ્લામાં માધ્યમિક શાળાઓમાં ૭૭ આચાર્યોની જગ્યાઓ ખાલી પડી હતી. ત્યારે આચાર્યોની ભરતી માટે પાલનપુરમાં પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. જ્યા પ્રથમ દિવસે મેરીટના આધારે ૧૧ આચાર્યોને નિમણૂંક આપવામાં આવી હતી.

ગુજરાતભરમાં માધ્યમિક શાળાઓમાં ખાલી પડેલી આચાર્યોની ભરતી કરવા માટે રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા આદેશ કરવામાં આવ્યો છે. જે અન્વયે બનાસકાંઠા જિલ્લામાં ભરતી પ્રક્રિયા હાથ ધરાઈ છે.

બનાસકાંઠા જિલ્લા શિક્ષણ નિરીક્ષક નૈલેશભાઈ દવેએ જણાવ્યું હતુ કે, બનાસકાંઠા જિલ્લામાં આવેલી માધ્યમિક શાળાઓમાં ૭૭ આચાર્યોની જગ્યાઓ ખાલી પડી હતી. જ્યાં આચાર્યોની ભરતી કરવા માટે પાલનપુરમાં પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. જ્યાં મંગળવારે પ્રથમ દિવસે મેરીટના આધારે ૧૧ આચાર્યોને નિમણૂંક આપવામાં આવી હતી.